# કેરળ જળપ્રલય : ૫૦૦ કરોડની કેન્દ્રીય સહાય

**કેરળમાં વિનાશકારી હોનારતથી ૧૯૫૧૨ કરોડનું નુકસાન : બચાવ-રાહત કામગીરી યુદ્ધ ધોરણે જારી**





કોચી, તા.૧૮

પુરગ્રસ્ત કેરળમાં સ્થિતીમાં કોઈ સુધારો થઈ રહ્યો નથી. વિકટ સ્થિતી વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ કેરળના પાટનગર થિરુવનંતપુરમ ખાતે પહોંચી ગયા હતા. ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી અને પુરની સ્થિતી અંગે પુરતી માહિતી મેળવી હતી. આજે સવારે મોદીએ ૫૦૦ કરોડની સહાયની જાહેરાત કરી હતી. પ્રદેશના પ્રવાસે પહોંચેલા મોદીએ ૫૦૦ કરોડની સહાયતાની જાહેરાત કરી ત્યારે કેરળના મુખ્યમંત્રી પી.વિજયને ૨૦૦૦ કરોડ રૂપયાના નુકસાનની વાત કરી હતી. કોંગ્રેસ અધ્યક્ષે પણ કેરળના પુરની સ્થિતિને રાષ્ટ્રીય આફત તરીકે જાહેર કરવાની માંગકરી છે. મોદીએ આજે ૫૦૦ કરોડની તરત જ જાહેરાત કરી હતી. ૫૦૦ કરોડ પહેલા ૧૦૦ કરોડની સહાયતા ગૃહ મંત્રી રાજનાથસિંહ દ્વારા કરવામાં આવી ચુકી છે. આ ઉપરાંત વડાપ્રધાન રાહત ફંડમાંથી મૃતકોના પરિવારને બે બે લાખ તથા ઘાયલોના પરિવારને ૫૦ હજાર રૂપિયા આપવાની વાત કરી છે.

બીજી બાજુ મુખ્યમંત્રીએ કહ્યું છે કે બે હજાર કરોડની માંગની સામે ૫૦૦ કરોડની મદદ કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું છે કે ૧૯૫૧૨ કરોડ રૂપિયાનું નુકસાન થઈ ચુક્યું છે. બીજી બાજુ કેન્દ્ર સરકાર તરફથી કહેવામાં આવ્યું છે કે તમામ સંભવિત મદદ આપવામાં આવી રહી છે. મોદીએ હવાઈ સર્વેક્ષણ કરતા પહેલા મુખ્યમંત્રી વિજયન, કેન્દ્રિય મંત્રી અલફોન્સેસ તથા અન્યો સાથે વાતચીત કરી હતી. બીજી બાજુ બચાવ અને રાહત કામગીરીમાં એનડીઆરએફની તમામ ટીમો લાગેલી છે. કેરળમાં આઠમી ઓગસ્ટ બાદથી ૧૯૪ લોકોના મોત થઈ ચુક્યા છે. જ્યારે મે મહિના બાદથી મોતનો આંકડો ૩૨૪ ઉપર પહોંચી ચુક્યો છે. બચાવ અને રાહત કામગીરમાં લાગેલા સેનાના એક અધિકારી બ્રિગેડિયર અરૂણે કહ્યુ હતુ કે ૭૦૦ જવાનો અને ખાસ એન્જિનિયરિંગની ટીમ પણ બચાવ કામગીરીમાં લાગેલી છે. ૫૦૦૦થી વધારે લોકોને બચાવી લેવામાં આવ્યા છે. ૫૦ હજાર પરિવારના ૩.૧૪ લાખ લોકો હજુ રાહત કેમ્પમાં છે. ૧૫૬૮ રાહત કેમ્પ ઉભા કરવામાં આવ્યા છે. મોતનો આંકડો વધીને ૩૩૦ ઉપર પહોંચી ગયો છે. આ ત્રાસદીમાં એક જ દિવસમાં ૧૦૬ લોકોના મોત બાદ મોતનો આંકડો સતત વધી રહ્યો છે. મોદીએ તમામ માહિતી એકત્રિત કરી હતી. છેલ્લા કેટલાક દિવસથી જારી વિનાશકારી પુરના કહેરના કારણે સ્થિતી દિન પ્રતિદિન વધુને વધુ ચિંતાજનક અને વિકરાળ બની રહી છે.

## ગુજરાતની પૂરગ્રસ્ત કેરળને ૧૦ કરોડની સહાય કરશે

ગાંધીનગર,તા.૧૮

ગુજરાત સરકારે કેરળને ૧૦ કરોડની સહાય કરવાની જાહેરાત કરી હતી. આ જાહેરાત સીએમ વિજય રૂપાણીએ ટ્વીટ કરીને જાહેર કરી હતી. કેરળમાં પડેલા ભારે પૂરનાં કારણે આવી હોનારત થઈ હતી. કેરળનાં પુનઃવર્સન માટે તમામ રાજ્યની સરકારે સહાયની જાહેરાત કરી છે.

# પાકિસ્તાનમાં ઈમરાન ખાનની તાજપોશી

ઈસ્લામાબાદ,તા. ૧૮

પાકિસ્તાનના ભૂતપૂર્વ સ્ટાર ક્રિકેટ ખેલાડી અને હાલમાં પાકિસ્તાન તહેરીકે ઈન્સાફ પાર્ટીના વડા ઈમરાન ખાને આજે પાકિસ્તાનના વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. કાળા રંગન શેરવાનીમાં ઈમરાન ખાને શપથ લીધા હતા. ઉર્દુમાં ઈમરાને શપથ લીધા હતા. નવી ચૂંટાયેલી સંસદથી ટેકો મળ્યા બાદ ઈમરાન ખાને આજે વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. પાટનગરમાં પ્રમુખના આવાસ ખાતે આ શપથવિધિ યોજાઈ હતી. હકાલપટ્ટી કરવામાં આવેલા પાકિસ્તાની મુસ્લિમ લીગ (પીએમએલ-એન) અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી વચ્ચે સતત લીડરશીપમાં ફેરફારના દશકોનો આની સાથે અંત આવી ગયો છે. વચ્ચેના ગાળામાં સેનાનું શાસન પણ રહ્યું હતું. ૬૫ વર્ષીય ઈમરાન ખાનને પ્રમુખ મમનુન હુસૈને શપથ લેવડાવ્યા હતા. ૨૫મી જુલાઈના દિવસે સામાન્ય ચૂંટણી યોજાયા બાદ ત્રણ સપ્તાહ પછી ઈમરાને વડાપ્રધાન તરીકેના શપથ લીધા હતા. સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આજે તમામ તૈયારીઓ પહેલાથી જ રાખવામાં આવી હતી. શુક્રવારના દિવસે સંસદને પોતાના પ્રથમ સંબોધનમાં ઈમરાન ખાને પાકિસ્તાનને લૂંટનાર સામે કાર્યવાહી કરવાની વાત કરી હતી. ઈમરાન ખાનની પાર્ટીએ ૨૫મી જુલાઈના દિવસે યોજાયેલી ચૂંટણીમાં ૧૧૬ સીટો જીતી હતી. નવ અપક્ષ સભ્યો તેમની પાર્ટીમાં જોડાઈ જતા આ સંખ્યા વધીને



**પ્રમુખના આવાસ ખાતે યોજાયેલી સાદા કાર્યક્રમમાં તહેરીકે ઈન્સાફ પાર્ટીના વડા ઈમરાનના ઉર્દુમાં શપથ**

## શપથવિધિમાં નવજોત સિદ્ધુની હાજરીથી રાજકીય વિવાદ સર્જાયો

**પાકિસ્તાની સેનાના વડા બાજવાને સિદ્ધુ ગળે મળ્યા : બાજવાને ગળે મળવા, પોકના પ્રમુખ પાસે નવજોત સિદ્ધુ બેસવાના લીધે કોંગ્રેસની ચિંતા વધી**

ઈસ્લામાબાદ, તા.૧૮

પૂર્વ પાકિસ્તાની ક્રિકેટર ઈમરાન ખાનની પાકિસ્તાની વડાપ્રધાન તરીકેની તાજપોશી કાર્યક્રમમાં પૂર્વ ભારતીય ખેલાડી નવજોત સિદ્ધુએ હાજરી આપી હતી. સિદ્ધ પાકિસ્તાની આર્મી ચીફને ગળે મળતા નજરે પડ્યા હતા. કાર્યક્રમમાં હાજરી આપવા માટે પહોંચેલા નવજોત સિદ્ધુએ કોંગ્રેસની તકલીફ વધારી દીધી છે. સિદ્ધુની સાથે પાકિસ્તાની સેનાના વડા જનરલ કમર બાજવાનો ફોટો વાઈરલ થયા બાદ કોંગ્રેસની તકલીફમાં વધારો થઈ ગયો છે. એટલું જ નહીં કાર્યક્રમ દરમિયાન સિદ્ધુને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરના પ્રમુખ મસુદખાનની પાસે બેસાડવામાં આવ્યા હતા. સિદ્ધુના પાકિસ્તાન જવાને લઈને ભાજપે પહેલાથી જ આકરા પ્રહારો કર્યા છે. બીજી બાજુ કોંગ્રેસના નેતાઓ આના કારણે પરેશાન દેખાઈ રહ્યા છે. કોંગ્રેસના પ્રવકતા રશિદ આલ્વીએ કહ્યુ છે કે તેમની સલાહ લેવામાં આવી હોત તો તેઓએ આનો ઈન્કાર કર્યો હતો. મિત્રતા દેશથી મોટી નથી. પોકના પ્રમુખની સાથે સિદ્ધુની ઉપસ્થિતિ અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં જમ્મુ-કાશ્મીરમાં કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ ગુલામ અહેમદ મીરે કહ્યું હતું કે તેઓ જવાબદાર વ્યક્તિ છે અને મંત્રી છે. નવજોત સિદ્ધુ જ આનો જવાબ આપી શકે છે પરંતુ તેમને બચવાની જરૂર હતી. સરહદ પર અમારા જવાન શહીદ થઈ રહ્યા છે. આવી સ્થિતીમાં સિદ્ધુને પાકિસ્તાની સેનાના વડા દ્વારા ગલે લગાવવાની બાબતથી ખોટા સંદેશ જશે. ભારત સરકારને મંજુરી આપવાની જરૂર ન હતી. આના કારણે વિવાદ થશે. ઈમરાન ખાને સત્તાવારરીતે આમંત્રણ આપ્યા બાદ શપથગ્રહણ

## કોચીમાં ફસાયેલા વડોદરાના બે વિદ્યાર્થીને બચાવી લેવાયા

અમદાવાદ, તા.૧૮

કેરળમાં સદીના સૌથી વિનાશક પૂરની કુદરતી આપદાએ મોટાપાયે તારાજી અને તબાહી સર્જી છે ત્યારે ત્યાંના કોચી શહેરમાં સાઉન્ડ એન્જિનીયરીંગનો અભ્યાસ કરવા માટે ગયેલા વડોદરા શહેરના બે વિદ્યાર્થીઓ ત્યાંના એક ફલેટમાં છેલ્લા પાંચ દિવસથી પાંચમા માળે ફસાયા હતા. પાંચ દિવસથી ખાધા-પીધા વિના અને કોઈ પણ મદદ વિના ફસાયેલા બંને વિદ્યાર્થીઓના પરિવારજનો તરફથી આખરે સરકારને દરમ્યાનગીરી કરવાનો અનુરોધ કરાતાં આજે એનડીઆરએફની ટીમ દ્વારા વડોદરાના આ બંને વિદ્યાર્થીઓને કોચીના ફલેટના પાંચમા માળેથી સહીસલામત રીતે રેસ્કયુ કરી બચાવી લેવાયા હતા અને તેઓને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. બંને વિદ્યાર્થીઓના પરિવારજનોએ પણ આખરે રાહતનો શ્વાસ લીધો હતો.

### કંપની સમાચાર

#### ડેંગી ડમ્સ લિમીટેડનો ઈસ્યુ ૨૦મીએ ખુલશે

પ્રિમિયર અને ડિઝાઈનર કેક અને પેસ્ટ્રીઝની ઉત્પાદક, અમદાવાદની ડેંગી ડમ્સ લિમિટેડ રૂ. ૧૦ની કિંમતનો એક એવા (૨૭.૧૨ લાખ) ઈક્વિટી શેર રૂ. ૭૪ની ફિક્ત કિંમતે ઓફર કરીને ઈનિશ્યલ પબ્લિક ઓફર (આઈપીઓ) સાથે મૂડી બજારમાં પ્રવેશી રહી છે. કંપની ગુજરાતના મુખ્ય શહેરોમાં ૮૧ ડેડીકેટેડ રિટેઈલ આઉટલેટ મારફતે તેની કામગીરી કરી રહી છે.

કંપની સ્થિર અસ્કયામતોની ખરીદી કરવા ઉપરાંત તેના સિક્યોર્ડ લેણદારોને ચૂકવણી કરવા અને જનરલ કોર્પોરેટ જરૂરિયાતો પૂર્ણ કરવા માટે આ ભરણુ લાવી રહી છે. ડેંગી ડમ્સ લિમિટેડ એસએમઈ આઈપીઓ વડે રૂ. ૨૦.૦૭ કરોડની રકમ ઉભી કરવા માંગે છે. આઈપીઓનું લીસ્ટીંગ નેશનલ સ્ટોક એક્સચેન્જના પ્લેટફોર્મ ઉપર થશે.

કંપનીની કામગીરી અંગે વિગતો આપતાં કંપનીના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર નિકુલ પટેલે કે જે કંપનીના મુખ્ય પ્રમોટરમાંના એક છે તે જણાવે છે કે અમારી કેક્સ અને પેસ્ટ્રીઝની અનોખી શ્રેણી ઉપરાંત અમારા વ્યૂહાત્મક વિસ્તરણના મદદથી અમારૂ ગુજરાતના મુખ્ય શહેરોમાં ઝડપી વિસ્તરણ શક્ય બન્યું.''

#### મોનાક્ષ હોલીડેઝ દ્વારા ગોવાની નિઃશુલ્ક પેકેજ

દેશભરમાં સર્વપ્રથમવાર અમદાવાદ સ્થિત મોનાક્ષ હોલિડેઝ દ્વારા ૧૦,૦૦૦ જેટલી વ્યક્તિઓને ગોવામાં સંપૂર્ણપણે ત્રિદિવસીય રિસોર્ટનું પેકેજ મફત આપવામાં આવશે. આ પેકેજમાં રહેવા સહિતની રેલવેની સેકન્ડ ક્લાસ ટિકીટ પણ મફત આપવામાં આવશે.

અમદાવાદ ખાતે આયોજિત પત્રકાર પરિષદને સંબોધતા મોનાઝ હોલીડેઝના એમડી કુશલ શાહે જણાવ્યું હતું કે, દેશના ઈતિહાસમાં સર્વપ્રથમવાર સંપૂર્ણપણે ગોવાના રિસોર્ટમાં મફત પેકેજ આપવાનો આ સર્વપ્રથમ બનાવ છે. આ પેકેજનો લાભ લેવા માટે શનિ અને રવિવાર મતલબ કે ૧૮ ઓગષ્ટ અને ૧૯ ઓગષ્ટના રોજ જે કોઈ વ્યક્તિએ આનો લાભ લેવો હોય તો મોનાઝ હોલિડેઝની ઓફિસ ૩૦૭, ગેલેક્ષી મોલ, ઝાંસીની રાણી સામે શિવરંજની ઓફિસ ખાતે પોતાનું લાયસન્સ અથવા પાસપોર્ટની ઝેરોક્ષ સાથે તેમની નોંધણી કરાવવાનો રહેશે.

તેમણે જણાવ્યું હતુ કે અમારી આ યોજનાનો મુખ્ય હેતુ જે લોકોને ડ્રો દ્વારા આનો લાભ મળશે તે વ્યક્તિઓ અમારી ગોવા સ્થિત પ્રોપર્ટીનો અનુભવ કરશે જેથી કરીને તો આ પ્રોપર્ટી સંદર્ભે બીજા લોકોને તેમને થયેલો અનુભવ પીરસશે. આ પેકેજનો લાભ જે તે વ્યક્તિને સપ્ટેમ્બરથી માર્ચ સુધીમાં અપાશે.

તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે આ પેકેજ ૩ રાત્રી અને ૪ દિવસનો રહેશે. જેમાં સાઈટ સીંઈગ પણ તેમને મફતમાં કરાવવામાં આવશે.

## આગામી બે દિવસમાં રાજ્યમાં ભારે વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૧૮

હાલ ગુજરાતમાં વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થઈ ગયો છે. તેમજ બે દિવસ એટલે કે ૧૮ અને ૧૯ ઓગસ્ટ સુધી રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા હવામાન વિભાગે પણ વ્યક્ત કરી છે. બે દિવસ સુધી ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી વચ્ચે અમદાવાદ શહેરથી લઈ રાજ્યના અનેક વિસ્તારોમાં શનિવારે વહેલી સવારથી ક્યાંક ઝરમર તો ક્યાંક ધીમીધારે વરસાદ પડી રહ્યો હોવાના અહેવાલો છે. ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં પણ આગામી ૭૨ કલાકમાં વરસાદની આગાહી હવામાન શાસ્ત્રીઓ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદી માહોલ યથાવત

**અંજારમાં ત્રણ ઈંચ વર્ષા : ગાંધીધામમાં ત્રણ ઈંચથી પણ વધુ વરસાદ નોંધાતા ખુશીની લહેર : સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ વરસાદી માહોલ : સૌરાષ્ટ્ર-કચ્છ ઉપર મોનસૂન જોરદાર રીતે સક્રિય : ભારે વરસાદની ચેતવણી હજુ પણ અકબંધ**

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં સતત બીજા દિવસે પણ જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ જારી રહ્યો હતો. રાજ્યના જુદા જુદા ભાગોમાં વરસાદના કારણે ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. આજે સવારે કલાકોના ગાળામાં જ કચ્છના ગાંધીધામ તાલુકામાં ચાર ઈંચની આસપાસ વરસાદ થયો હતો. જ્યારે અંજારમાં ત્રણ ઈંચથી પણ વધુ વરસાદ થયો હતો. બે તાલુકામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાતા ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. બીજી બાજુ ધ્રાગધ્રા, ચુડા, વધઈ અને વાંકાનેરમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આની સાથે જ ગુજરાતમાં મૌસમનો કુલ વરસાદનો આંકડો ૬૨.૦૩ ટકા સુધી થઈ ગયો છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ જુદા જુદા વિસ્તારમાં વરસાદ થયો છે. કલોલ ગાંધીનગરમાં ૪.૫ ઈંચ જેટલો વરસાદ થયો છે. ૨૧ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ થયો છે. રાજ્યમાં વરસાદની બીજી ઈનિંગ્સ શરૂ થઈ ચુકી છે. છેલ્લા ચોવીસ કલાકના ગાળા દરમિયાન અમદાવાદ-ગાંધીનગર સહિત ઉત્તર અને મધ્ય ગુજરાત તથા કચ્છમાં પણ ઉલ્લેખનિય વરસાદ થયો છે.

રાજકોટમાં વીજળીના કડાકા ભડાકા સાથે આજે વરસાદ થયો હતો. એક કલાકના ગાળામાં જ એક ઈંચથી વધુ વરસાદ નોંધાતા જુદા જુદા વિસ્તારમાં પાણી ભરાયા હતા. સૌરાષ્ટ્રમાં પણ વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. ધીમી ગતિએ સૌરાષ્ટ્રમાં વરસાદ રહ્યો છે. જામનગરથી લઈને ભાવનગર, જુનાગઢ, જસદણમાં હળવો વરસાદ નોંધાયો છે. ગુજરાતના મધ્ય ગુજરાત અને સૌરારાષ્ટ્રના કેટલાક ભાગોમાં હવામાન વિભાગની આગાહી મુજબ



## રાજ્યની વરસાદી સ્થિતિ અંગે મુખ્યમંત્રીએ સમીક્ષા બેઠક યોજી

**મુખ્યમંત્રીએ તંત્ર-અધિકારીઓને મહત્વપૂર્ણ સૂચના અને નિર્દેશો આપ્યા : પાંચથી વધુ એનડીઆરએફ ટીમ તૈનાત**

અમદાવાદ, તા.૧૮

રાજયમાં ભારે વરસાદની સ્થિતિ અને હજુ ભારે વરસાદની આગાહી વચ્ચે રાજય સરકાર અને વહીવટી તંત્ર ફરી એકવાર હરકતમાં આવ્યા છે. વરસાદની પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લઈ આજે રાજયના મુખ્યમંત્રી રૂપાણીએ તાત્કાલિક ધોરણે સમીક્ષા બેઠક યોજી હતી અને તંત્રના અધિકારીઓને જરૂરી સૂચના અને નિર્દેશો આપ્યા હતા. રાજયના વિવિધ જિલ્લા-તાલુકાઓમાં વરસાદી માહોલની સ્થિતિ અને સમીક્ષાને લઈ મુખ્યમંત્રી રૂપાણીએ આજે તેમનાં નિવાસ સ્થાને સરકારના સંબંધિત વિભાગોના સચિવો અને ઉચ્ચ અધિકારીઓની એક તાકીદની બેઠક યોજી હતી. ગુજરાત પર સર્જાયેલી વરસાદી સીસ્ટમને લઈને બેઠકમાં ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી, સાથે સાથે હવામાન વિભાગ દ્વારા રાજયના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની કરાયેલી આગાહી અનુસંધાનમાં તંત્ર દ્વારા લોકોના જાનમાલના, પશુધનના રક્ષણ અને રાહત-બચાવની કામગીરીને લઈ પણ ખાસ ચર્ચા કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ ભારેથી અતિભારે વરસાદની પરિસ્થિતિમાં તંત્ર દ્વારા શું આગોતરી તૈયારીઓ કરી રખાઈ છે તેને લઈને પણ અધિકારીઓને પૃચ્છા કરી હતી અને તે જાણ્યા બાદ જરૂરી સૂચના અને નિર્દેશા પણ તેઓને આપ્યા હતા.

### દરખાસ્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાકી હોવાનુ ધ્યાને આવ્યુ છે. શહેરમાં ફુટપાથ નિર્માણ અન્વયે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.પરંતુ ફુટપાથની જાળવણીના નામે મીંડુ છે. ફુટપાથ પર ઠેર ઠેર ગાબાડા અસ્તિત્વમાં આવ્યા હતા. જયારે ફુટપાથ વચાળેથી સેકટરોમાં ઘુસવા માટે સ્થાનિકો દ્વારા કેટલાક ઠેકાણે રસ્તો કરી દેવાયો છે. જેના લીધે ફુટપાથની રોનક ફીકી પડી ગઈ છે. જયારે કપાયેલા વૃક્ષના થડીયા પણ વોક વે પરથી દુર ન કરાતા વોકીંગ પર જતા સિનિયર સિટીઝન્સ માટે જોખમ ઉભુ થયુ છે. શહેરમાં માર્ગોના નવા કામો માટે આયોજન કરવામાં આવ્યુ છે.જયારે ફુટપાથ નિર્માણને અનુલક્ષીને બાકી કામગીરી પુર્ણ કરવા માટે પણ તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં સે-૨૬ માં સ્થિત કિસાનનગરના રીંગ રોડની આસપાસ પણ ફુટપાથ બનાવાશે. જયારે સે-૨૧ માં ચ માર્ગથી રોડ નં-૬ અને એમ એલ એ કવાર્ટસને જોડતા માર્ગની આસપાસ પણ ફુટપાથ બનાવવા માટે આયોજન કરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ થાય તેમ છે. તંત્ર દ્વારા આ અન્વયે વિભાગને દરખાસ્ત સુપ્રત કરી દેવામાં આવી છે.

### મોરપીંછના રંગ

● ચોથા પાનાનું ચાલું

તેમની પાસે શીખેલા તેમના જ શિષ્યોના વ્યાખ્યાનો યોજાયા છે, સન્માનો થયા છે, મંચ ઉપર અધ્યક્ષતા મળી છે અને ડૉ. મારુ પ્રેક્ષકોમાં હોય. આમ છતાંય આ મારુબાપા પોતે ગૌરવ લે. અને શુભેચ્છાઓ પાઠવે છે. છેલ્લા ચાલીસેક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાંથી બહાર પ્રસિદ્ધિ પામેલા એક પણ સાહિત્યકાર એવા નહીં હોય જેમને મારુબાપાનું વ્યક્તિગત માર્ગદર્શન નહીં મળ્યું હોય. પૂછે એટલો જ જવાબ આપવાની ટેવ ધરાવતા આ બાપા ક્યારેય સામે ચાલીને કોઈને પણ પોતાના જ્ઞાનની વાતો ના કરે, અને પૂછીએ તો ક્યારેય નિરાશ ના કરે, આ ડૉ. મારુ સાહેબના સાહિત્યક પ્રદાનને ગુજરાતી ભાષાના દિગ્ગજો ડૉ. કે.કા. શાસ્ત્રી, હરિવલ્લભ ભાયાણી, ભોળાભાઈ પટેલ, નરેશ વેદ, રમણલાલ જોશી, રતુદાન રોહડિયા, ઉપેન્દ્ર ત્રિવેદી વગેરેએ ખુબ સારી રીતે પ્રશંસિત કર્યું છે. એમની વિનમ્રતા એવી કે એમના એક પુસ્તકની પ્રસ્તાવના હું એમનો શિષ્ય હોવા છતાંય મારી પાસે લખાવીને મારું ગૌરવ વધાર્યું છે.

આ મારુબાપા પાસે આમ તો હું કૉલેજના ત્રણ વર્ષ ભણ્યો, પરંતુ એમ.એ. અને પીએચ.ડી પણ એમના માર્ગદર્શન હેઠળ કરીને હું ધન્ય થયો છું. ૧૯૯૬માં ધ્રાંગધરા છોડીને હિંમતનગર - ગાંધીનગર સ્થાયી થવા છતાંય એમનો સંપર્ક સતત રહ્યો છે અને એમની વિદ્વતાનો લાભ કેન્દ્રીય હિંદી નિદેશાલય - નવી દિલ્હી દ્વારા મને સોંપાયેલા 'ગુજરાતી હિંદી કોશ'ને પણ સતત બે વર્ષ સુધી મળ્યો છે. એમની સાથે રહીને હું પણ સાહિત્ય અને જીવનમાં, વ્યવહાર અને વર્તનમાં ઘણું શીખ્યો છું. સાહિત્યમાં સર્જન હોય કે વિવેચન જો એના મૂળ સુધી ના જઈએ તો એનું કોઈ મૂલ્ય રહેતું નથી. અને છેક મૂળ સુધી જવા માટે સખત મહેનત એક જ એનો રસ્તો છે. કેમ કે સાહિત્ય સર્જન એ એક સાધના છે તપસ્યા છે, વર્ષો સુધી તપ કર્યા પછી કલમ ઘડાય છે. એ પહેલા તો કલમને આપણે ઘસડતા હોઈએ છીએ. આવી અનેક સમજણ મને તેમની પાસેથી મળી છે.

ડૉ. રમણીકલાલ મારુનું આ ૧૫મી ઓગષ્ટે જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી અને રાજ્યપાલના હસ્તે સુરેન્દ્રનગર મુકામે થયું ત્યારે સરકારે એક યોગ્ય સારસ્વતનું સન્માન કરીને પોતાનું ગૌરવ વધાર્યું છે. અસ્તુ.

9426060601.india@gmail.com